

# સ્ટુડન્ટ્સે ડ્રોન રેસિંગ સાથે ઉડાન ભરી



આઇઆઇટી-ગાંધીનગરમાં સ્ટુડન્ટ્સ દ્વારા એન્યુઅલ ટેક્નોલોજી શો 'અમાલ્થિયા 16'નું આયોજન કરાયું છે. જેની આ વખતની થીમ 'ટેક્નોલોજાઇઝિંગ ચેલેન્જિસ' રખાઇ છે. સ્ટુડન્ટ્સના મનમાં ટેક્નિકલ નોલેજ પ્રત્યેની જાણકારી વધે તે માટે આ ઇવેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં ડ્રોન રેસિંગ, ક્વીઝ, અર્થક્વેક રેઝિસ્ટન્સ મોડેલિંગ અને ઇમ્પ્લિમેન્ટેશન, ઓનલાઇન ટ્રેઝર હન્ટ, ડિકોડ, રોબોમિલિટીઆ, ટેક્નોક્વેસ્ટ, ફોલિંગ ડોમિનોઝ અને ઇનોવેન્ટ જેવી ઇવેન્ટ્સ યોજાઇ હતી. તો સાથે સાથે વિવિધ ઇનોવેશન્સ પણ એક્ઝિબિટ કરાયાં હતાં. જેમાં ઇસરો, પઝલબોક્સ, આઇટ્યુટ્, ગ્રિડબોટ્સ, ન્યુરો સ્કાય, પ્રોસ્થેટિક લેગ્સ વગેરેનો સમાવેશ થતો હતો. આ સાથે એક સિમ્પોઝિયમ અને સાથે કોન્ક્લેવનું પણ આયોજન કરાયું હતું. આ ઇવેન્ટમાં પ્રિમિયર ઇન્સ્ટિટ્યૂટ્સ અને કોલેજીસની સાથે સાથે સ્કૂલ સ્ટુડન્ટ્સે પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.





